ગુજરાત ગોપાલક વિકાસ નિગમ લિ.ગાંધીનગરને શેરમુડીની ગ્રાન્ટ ફાળવવા બાબત.

રૂ. ૫૦.૦૦ લાખ વર્ષ ૨૦૧૯-૨૦

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંકઃસશપ/૧૦૨૦૦૫/૧૦૨૨/અ.૧
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ-૧૭/03/૨૦૨૦

**વંચાણમાં લીધાઃ-**

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૧૪/03/૨૦૧૯નો ઠરાવ ક્રમાંકઃબજટ/૧૦૨૦૧૯/૧૨૦૩૧૯/બ.

(૨) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૨૦/૦૮/૨૦૧૯નો ઠરાવ ક્રમાંકઃબજટ/૧૦૨૦૧૮/૧૨૦૩૧૯/બ.

(3) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતા, ગાંધીનગરનો તા.૧૩/૧૨/૨૦૧૯નો પત્ર ક્રમાંક વિજાક/બો.નિ./૨૦૧૯-૨૦/૧૪૮૭-૧૪૮૮

**ઠ રા વઃ-**

આ વિભાગની બજેટ શાખાના વંચાણે લીધેલ ક્રમાંક (૧) અને (૨) પરના અનુક્રમે તા.૧૪/03/૨૦૧૯ના ઠરાવ અને તા.૨૦/૦૮/૨૦૧૯ના ઠરાવથી વર્ષ ૨૦૧૯-૨૦ના અંદાજપત્રમાં ગુજરાત ગોપાલક વિકાસ નિગમ લિ.ગાંધીનગર માટે શેર મુડીની ગ્રાન્ટ પેટે રૂ.૫૦.૦૦ લાખ (અંકે રૂપિયા પચાસ લાખ પૂરા) ની બજેટ જોગવાઇ કરવામાં આવેલ છે. આ બજેટ જોગવાઇ મુજબની રૂ.૫૦.૦૦ લાખની ગ્રાન્ટ ગુજરાત ગોપાલક વિકાસ નિગમને હવાલે મૂકવાની મંજૂરી આપવા વંચાણ હેઠળના ક્રમાંક (3) પરના તા.૧૩/૧૨/૨૦૧૯ના પત્રથી નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતા, ગાંધીનગરે દરખાસ્ત કરેલ હતી. જે સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

૨. પુખ્ત વિચારણાને અંતે વર્ષ ૨૦૧૯-૨૦ના અંદાજપત્રમાં કરવામાં આવેલ બજેટ જોગવાઇ મુજબની રૂ.૫૦.૦૦ લાખ ( અંકે રૂપિયા પચાસ લાખ પૂરા) ની શેર મુડીની ગ્રાન્ટ ગુજરાત ગોપાલક વિકાસ નિગમ, ગાંધીનગરના હવાલે મૂકવા નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતુ, ગાંધીનગરને નીચેની શરતોને આધીન આથી મંજૂરી આપવામાં આવે છે.

(૧) આ અંગેનો ખર્ચ સને ૨૦૧૯-૨૦ના અંદાજપત્રમાં મંજૂર થયેલ જોગવાઇ સામે ઉધારવાનો રહેશે.

(૨) જે હેતુ માટે બજેટ જોગવાઇ કરવામાં આવી હોય તે હેતુ માટે જ ખર્ચ કરવાનો રહેશે.

(3) આ અંગેનું ખર્ચ સરકારશ્રી ધ્વારા વખતોવખત નકકી કરવામાં આવેલ જોગવાઇઓ અને લાગુ પડતા ધારા ધોરણોને આધીન નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

(૪) વર્ષના અંતે રહેતી બચત સુપ્રત કરવાની રહેશે.

(૫) નાણાંકીય ઔચિત્યના સિધ્ધાંતોનું પાલન કરવાનું રહેશે.

૩. આ હુકમો આ વિભાગની બજેટ શાખાની ફાઇલ ક્રમાંકઃ બજટ/૧૦૨૦૧૯/૧૨૦૩૧૯/બ પર નાણાં વિભાગની મળેલ વહીવટી મંજૂરી અન્વયેના વંચાણે લીધેલ ક્રમાંક (૧) પરના તા.૧૪/૦૩/૨૦૧૯ના ઠરાવ અને વંચાણે લીધેલ ક્રમાંક (૨) પરના તા.૨૦/૦૮/૨૦૧૯ના ઠરાવ તથા સરખા ક્રમાંકની ફાઇલ પર અગ્ર સચિવશ્રી (સા.ન્યા.)ની તા.૧૩/૦૩/૨૦૨૦ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(કે.એ.ચૌહાણ)
સેકશન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ
નિયામકશ્રી,
વિકસતી જાતિ કલ્યાણ ખાતું,
ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગાંધીનગર.

<u>નકલ રવાનાઃ-</u>

- મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત ગોપાલક વિકાસ નિગમ લિ. ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ/અમદાવાદ
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- જિલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.
- સેકશન અધિકારીશ્રી (બજેટ, કોમ્પ્યુટર સેલ શાખા), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સિલેકટ ફાઇલ-૨૦૨૦